# વ્રતધારી સંત પૂજ્ય અર્જુનભાઈને વિદાય વેળાએ ભાવવંદન ! અનંત પ્રણામ !



**વ્રતધારી** સંત પૂજ્ય અર્જુનભાઈ ૨૩ ડિસેમ્બરના રોજ અક્ષરધામ સિધાવ્યા, સ્થૂળદેહનો ત્યાગ કરી અનંતની યાત્રાએ સંચર્યા. તેમની વિદાયવેળાએ અનુપમ મિશનના સૌ સંતો-અક્ષરમુક્તોએ ભેગા મળી સંતભગવંત સાહેબજીના પરમ સાંનિધ્યે ભાવાંજલિ અર્પણ કરી. પાવન તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં નિર્માણાધીન અને પારમિતા મંદિરની પ્રદક્ષિણા કરી પૂ. અર્જુનભાઈના પાર્થિવ દેહને પ્રાસાદિક આમ્રવૃક્ષ હેઠળ બિરાજમાન ગુરુદેવ યોગીજી મહારાજના શ્રી ચરણોમાં અર્પણ કરાયો. પૂ. અર્જુનભાઈની બીમારી દરમિયાન સેવારત સંતો, સદ્‌ગુરુ સંતો અને સંતભગવંત સાહેબજી દ્વારા પૂજન, પુષ્પહાર અને ગુણાતીત સમાજના ધ્વજ અર્પણ તથા કંઠી અને પ્રાસાદિક જળ અર્પણ કરી તેઓના પાર્થિવ દેહનાં પૂજન કરાયાં. ત્યારબાદ વલ્લભવિદ્યાનગર સ્થિત કૈલાસધામમાં અગ્નિસંસ્કારવિધિ સંપન્ન કરાયો. તેઓની સ્મૃતિમાં યોજિત પારાયણસભામાં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા અને સંતભગવંત સાહેબજીએ તેઓના જીવનમાહાત્મ્યનાં વર્ણન કરી, આશીર્વાદ આપી સૌને બળ સિંચ્યાં.

પૂજ્ય અર્જુનભાઈ અનુપમ સંત હતા. બ્રહ્મસ્વરૂપ યોગીબાપાએ ૧૯૬૧માં ૫૧ યોગેશ્વરોને ભાગવતી દીક્ષા આપી તેમાં તેઓને 'શાંતિપ્રિયદાસ સ્વામી' નામ આપી સંતના સર્વ ગુણો પ્રાપ્ત કરો તેવા આશીર્વાદ દીધા. પૂર્વના અક્ષરમુક્ત. બ્રહ્મવિદ્યાના પાઠ જૂનાગઢમાં અક્ષરબ્રહ્મ ગુણાતીત પાસે ભણેલા, તે બ્રહ્મત્વને પામેલા આત્માને સાધના પૂર્ણ કરાવવા યોગીબાપાએ પોતાના કર્યા. બ્રહ્મસ્વરૂપ પ.પૂ. મહંતસ્વામીજી પાસે સેવા-ભક્તિ કરી, આતમ ઊજળો કરી લીધો.

૧૯૬૯માં તે પવિત્ર સંત-આત્માને બ્રહ્મસ્વરૂપ સંતભગવંત સાહેબજીએ સ્વીકારી દીક્ષિત કર્યા. વ્રતધારી કર્મયોગી સંતના પરિવેશ અર્પણ કરી આત્મિક સાધનામાં જોડી દીધા. અનુપમ મિશનના વ્રતધારી સંતોમાં અર્જુનભાઈ સાચા નિષ્કામ કર્મયોગી બની રહ્યા. સેવામાં જ્યાં જોડ્યા ત્યાં દેહભાવને ઓગાળી બ્રહ્મભાવમાં સહજભાવે રહેતા થઈ ગયા. અનુપમ મિશનના ઔદ્યોગિક કર્મક્ષેત્રે સેવાઓ કરી. ગુણાતીત જ્યોત-અનુપમ મિશનમાં સંતો-ભક્તોની સેવાર્થે સારથિ બની બસ ચલાવવાની સેવા પણ અહોભાવે ગરજુ બની કરતા રહ્યા. સૌને પ્રભુના સંબંધે નિહાળી નમતા રહ્યા, દાસત્વે ભરપૂર થયા. સમગ્રને બ્રહ્મમસ્તીમાં મહાલતું કરી લીધું. સવારથી સાંજ પૂર્ણ સમય પ્રભુભક્તિમાં સેવામાં હોમાઈ, સંતના સર્વ ગુણ પ્રાપ્ત કરી લીધા.

શાળાનું ભણતર સામાન્ય લીધેલું, પણ બ્રહ્મવિદ્યાના ભોમિયા તેથી અખંડ બ્રહ્મની મસ્તી માણતા રહ્યા. સેવામાં ચોકસાઈ, ચીવટાઈ સાથે માહાત્મ્યપૂર્ણ વ્યવહાર, મિતભાષીપણું ! સૌને મોટા માની, આજ્ઞામાં દેહને સતત પરોવી, બ્રહ્માનંદ માણી, સૌમાં નિર્દોષભાવ રાખી સાહેબજીની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી પરમ સાધુતાની પદવી પામી ગયા.

યોગીબાપાએ દીક્ષિત કર્યા તે દિવસથી સેવાવ્રત ધારણ કરી સૌ સંબંધવાળાંમાં શ્રીજી-સ્વામીનાં દર્શન કર્યાં, તો બાપા-કાકાજી-પપ્પાજી-સોનાબા, મહંત સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી, સંતભગવંત સાહેબજી ને સૌ સંતો અને બહેનો સહિત સમગ્ર ગુણાતીત સમાજના ભક્તોનો અંતરનો રાજીપો પ્રાપ્ત કરી લીધો. નિષ્કામભાવે, નિર્દોષભાવે, ભક્તિભાવે, સમર્પણભાવે સેવા કરતા સાધકને વિના મૂંઝવણે સંતના સર્વગુણોથી વિભૂષિત બની રહી, અખંડ અક્ષરધામનાં આનંદ અને સુખ માણતાં રહેવાય છે તે પરમ સત્યનું દર્શન અર્જુનભાઈએ પોતાના જીવનથી કરાવ્યું. સાધના કરતા સૌ માટે આદર્શ બન્યા.

બ્રહ્મસ્વરૂપ સંતભગવંત સાહેબજીએ યોગીબાપાની કૃપા પ્રાપ્ત કરેલાં સૌને સ્વીકારી, બ્રહ્મરૂપે વર્તવાની રીત શીખવી. ઉપદેશ અલ્પ, પણ પ્રાર્થનાનાં વારિ સિંચી પરમ પ્રાપ્તિ કરાવી. આત્માનાં જતન કરી, દોષ ટાળી, નિર્દોષ બનાવી, સાધુના સર્વ ગુણે સભર ભરી, પરમ સુખને દઈ, સદાય બ્રહ્માનંદ કરાવતા આ દિવ્ય પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપને અનંત વંદન !

આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતભગવંત સાહેબજીને બ્રહ્મના કાયદે પોતાનું સમગ્ર સમર્પણ ધરી, પરમ સુખમાં મહાલતા રહી, સાધનાનો દિવ્ય આદર્શ સ્થાપિત કરનાર અને સૌને પ્રેરણા પૂરી પાડનાર પૂ. અર્જુનભાઈને વિદાય વેળાએ ભાવવંદન ! અનંત પ્રણામ ! ◆





